# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧




દુશ્મની ભૂલી, નીતિશ-લાલુ ઊંઘમાંથી જાગે છે,
ને અમર-મુલાયમ કુલડીમાં ગોળ ભાંગે છે,
માગે છે મિત્રાચારી હવે દક્ષિણનાં રાજયો પણ -
ભલભલાની આભડછેટ ભાજપથી ભાગે છે..
(નરેન્દ્ર મોદી - અમિત શાહની ફડક)

### હાઈકુ

જૂની વ્યવસ્થા,
માગે પરિવર્તન -
સત્તાનું 'કેન્દ્ર'
(RTO-આયોજનપંચ - બંધ)

હિન્દુ રાષ્ટ્રનો -
સળવળાટ શરૂ -
ભાગવત્ કથા..
(સંઘનો એજન્ડા)

## ચિંતન

**હેલા સ્યાત્કાર્યનાશાય બુદ્ધિ નાશાય નિર્ધનમ્ । યાચના માન નાશાય કુલ નાશાય ભોજનમ્ ॥**

વધારે પડતી ઠઠ્ઠા મશ્કરીઓ-મજાક-ઠેકડી કરવાથી સંબંધ અને કામ બગડે છે. (માણસની સહનશક્તિથી વિશેષ મજાક-ખીલી ન ઉડાવવી.)

એકવાર ધનિક હોય, સંપૂર્ણ સૂખ જોયાં અનુભવ્યાં હોય અને અચાનક ખોટ-ચોરી-લૂંટફાટ-વિશ્વાસઘાતમાં બધું ધન ચાલ્યું જાય. નિર્ધનતા આવી જાય ત્યારે બુદ્ધિ-બહેર મારી જાય છે અર્થાત્ બુદ્ધિનો નાશ થાય છે.

(જરૂરિયાત-અપેક્ષા ઓછી જ રાખવી) અને સ્વાશ્રયી થવું બીજાની પાસે-ધન-મદદ-રાહત કે કોઇ પણ કાર્યની અપેક્ષા રાખવાથી અપમાન જ સહન કરવું પડે છે. યાચના કોઇ પાસે કરવી નહીં.

આજે વાત-વાતમાં 'પાર્ટી' જમણ-વરો-ઉજવણી કરી 'ભોજન સમારંભ' ગોઠવવામાં આવે છે. આ શ્લોક આવા ભોજન સમારંભ વારંવાર ગોઠવવાથી જ્ઞાતિ-કુળનો નાશ થાય છે. અર્થાત્ ધનની બરબાદી થાય, પેટમાં બાદી થાય, જમનારા ખાધા પછી પૈસા ખોટી રીતે 'ઉડાળે' છે, ટીકા કરે-મૂર્ખમાં ગણતરી થાય કુલ નાશ થાય છે.

કહેવત છે અતિની ગતિ નહીં જે કંઇ કરવું તે નિશ્ચિત મર્યાદામાં કરવું.

## સુવિચાર

- સહજીવનનાં દરેક તબક્કે સાથીનો સ્વભાવ, લાગણીઓ, વિચારો, પ્રાથમિકતા વગેરે બદલાવાનું જ છે તેવી સમજ અને સ્વીકૃતિ તો સંબંધમાં બંધાતા પહેલા જ કેળવવી પડે **- હંસલ ભચેચ**
- 'ના' પાડવી પડે તો તે માટે તમારી જાતને એક અપરાધી ન માનશો **- ઓશો**
- સુખ જેવું કંઇ નથી જગતમાં છે તો આજ છે... સુખ એ તો અમારા દુ:ખનો ગુલાબી મિજાજ છે **- અંકિત ત્રિવેદી**
- આપણી સંસ્કૃતિ મુજબ આપણે ઘરે કોઇ અતિથિ આમંત્રણ વગર આવે તો પણ આપણે તેને આવકારીએ છીએ તેમ દુ:ખ આવે તો તેનું પણ સ્વાગત કરવું **- એસ. ભટ્ટાચાર્ય**
- સુખી થવું કયારેકનું છે, સુખી હોવું કાયમનું છે, આપણી કોશિશો સુખી થવા માટેની હોય છે, સુખી હોવા માટેની નથી હોતી **- જ્ઞાનસૂત્ર**
- છલકાયા વિના સભર રહેવું એ ઐશ્વર્ય જાળવવાનો રસ્તો છે **- જનકલ્યાણ**
- તમે મૃત્યુ પામશો કે નહીં એ પ્રશ્ન નથી, પ્રશ્ન એ છે કે તમે કેવી રીતે મૃત્યુ પામશો, જીવન રહસ્યમય છે, પરંતુ મૃત્યુ તો સાક્ષાત રહસ્ય જ છે **- ધર્મસૂત્ર**

**(સંકલન : દીપક વી. આસરા)**

## બોધ કથા

આજે 'પક્ષ' અને 'હોદ્દા' પણ 'સેવા'ને બદલે મેવાથી જોડાયા છે.

'પક્ષ'ના ફંડમાંથી પગાર-ગાડી-બંગલા અને બીજી અનેક સત્તા સાથે 'બીજી આવક' અને 'ફંડ'ની અનામી આવક પણ ખરી જ!

સ્વાતંત્ર્ય વખતે શ્રી ગોપાલ કૃષ્ણ ગોખલે એ રાષ્ટ્રીય સેવા સંગઠન અને સ્વાતંત્ર્ય માટે 'ભારત સેવક સમાજ'ની સ્થાપના કરી અને એમાં સેવાભાવી-રાષ્ટ્રપ્રેમી યુવાનોની ભરતી કરતાં ગોખલેજીની ચકાસણીમાં પસાર થયેલ યુવાન સાચો દેશપ્રેમી જ હોય.

એકવાર મુંબઇ મ્યુનિસિપાલીટીના એક ઇન્જીનીયરે દેશ સેવા માટે 'ભારત સેવક સમાજ'ની સભ્યપદ માટે વિનંતી કરી.

ગોખલેજીએ તરત કહ્યું, 'પહેલાં તમે અંગ્રેજ સરકારની નોકરી છોડો - પછી હું સદસ્યતા માટે વિચાર કરું.'


ઇન્જીનયરે રાજીનામું આપી દીધું અને રાજીનામું મંજૂર થયાનો પત્ર લઇ ફરી ગોખલેજી પાસે આવ્યાં અને 'ભારત સેવક સમાજ'ના સભ્ય થયા.

આ ઇન્જીનીયર તે આગળ જતાં 'ઠક્કરબાપા' તરીકે પ્રસિદ્ધ થયા. રાષ્ટ્રપ્રેમ અને સેવામાં લેવા-દેવાની વાત વચ્ચે આવતી જ નથી...

Email - sureshchandrabhatt18@gmail.com

# સાચો પ્રેમ મૌન રહે છે એને કોઇ ભાષા નથી, એની કોઇ ઇચ્છા નથી હોતી, સાચા પ્રેમને કોઇ ઝંખના-અપેક્ષા નથી હોતી, સાચા પ્રેમને કોઇ સંબંધ કે બંધન નથી હોતા, મુક્ત હોય છે

## તમે કોઈને પ્રેમ કર્યો છે ?



### મોરપીંછના રંગ

- ડૉ. કનૈયાલાલ ભટ્ટ

'પ્રેમ' શબ્દ સૂર્ય જેટલો જ તાકતવર અને તેજસ્વી છે. સૂર્યની જેમ પ્રેમ પણ શાશ્વત છે. પ્રેમ વિશે અનેક ગ્રંથો, પુસ્તકો, કાવ્યો લખાયા, પ્રેમની અનેક કથાઓ, દંતકતાઓ, અફવાઓ પણ અસ્તિત્વમાં આવી. પ્રેમની અસંખ્ય વ્યાખ્યાઓ, વિભાવનાઓ થઈ, તેના અર્થઘટનો, તારણો, સંશોધનો, મનોમંથનો થયા. પ્રેમ વિશે વ્યાખ્યાઓ, ચર્ચાઓ, સંવાદો, પરિસંવાદો, સેમિનારો, અધિવેશનો થયા.. આમ છતાંય પ્રેમની સાચી મુલવણી કરવામાં આપણે ઊણા ઉતર્યા છીએ.

હું અહીંયા કાલિદાસ, કબીર, તુલસીદાસ, મીરાં, નરસિંહ, ટાગોર કે કોઈપણના કથન કે કાવ્યપંક્તિ ટાંકીને પ્રેમની સમજણ આપવા નથી ઈચ્છતો કેમકે પ્રેમનો વ્યાપ આસ્વાદ કરતા વિસ્તૃત છે.

આપણે સૌ પ્રથમ 'પ્રેમ' એટલે શું ? એ સમજવું જોઈએ. વેદો, પુરાણો, શાસ્ત્રો, ગ્રંથો અને અનુભવના આધારે કહી શકાય કે, પ્રેમનું આરંભ સ્થાન 'આંખ' છે અને એ સ્થાયી ભાવ તરીકે 'હૃદય'માં રહે છે. આજકાલ આપણે પ્રેમની ભ્રામક સમજ-ગેરસમજ મનમાં રાખીને પ્રેમાળ, લાગણીશીલ હોવાનો માનસિક ભ્રમ રાખીએ છીએ. પ્રેમ એ એક માત્ર માનસિક અનુભૂતિ છે. એમાં ક્યાંય શરીર-સ્પર્શ-ઈચ્છા-સુખ-સ્વાર્થ કે કામના.... કશું જ નથી આવતું. પરંતુ આજનો પ્રેમ ધીમે ધીમે આકર્ષણનું રૂપ ધરતો જાય છે અને એટલે જ કેમ કોઈ આંધળી-અપંગ કે ખોડ-ખાંપણવાળી વ્યક્તિના પ્રેમમાં નથી પડતું ? આપણા પ્રેમમાં સ્વાર્થની શરૂઆત જ સુંદરતાથી થાય છે. આપણે પ્રેમમાં પામવાની ઈચ્છા રાખીએ છીએ જ્યારે પ્રેમ આપવાનો-ત્યાગ કરવાનો ગુણધર્મ ધરાવે છે.

સાચો પ્રેમ મૌન રહે છે એને કોઈ ભાષા નથી. એની કોઈ ઈચ્છા નથી હોતી. સાચા પ્રેમને કોઈ ઝંખના-અપેક્ષા નથી હોતી. સાચા પ્રેમને કોઈ સંબંધ કે બંધન નથી હોતા. મુક્ત હોય છે. આપણે આપણા પ્રેમને સંબંધોના નામ આપી દીધા છે. મા-બાપ, પતિ-પત્ની, ભાઈ-બહેન વગેરે... પરંતુ આજે ખાસ તો પ્રેમ કરીને લગ્ન કરતા યુવક-યુવતી જ્યારે પતિ-પત્નીના પાત્રમાં આવે છે ત્યારે એમણે સૌ પ્રથમ પ્રેમની વ્યાખ્યા સમજીને બદલવી પડે છે. લગ્ન પછી પ્રેમનું આખું સ્વરૂપ બદલાય જાય છે. પ્રેમની સાથે કામ, ફરજ, નિષ્ઠા, જવાબદારી, સંબંધો, સમજદારી, ત્યાગ, સમાધાન... આ બધું જોડાઈ જાય છે. એમાં આપણે કેટલા સફળ રહીએ છીએ. એ આપણે જાતે વિચારવું જોઈએ. લગ્ન પહેલા વ્યક્તિ સ્વાતંત્ર્યની વાતો કરતા પ્રેમી-પતિ-પત્નીઓ લગ્ન પછી એકબીજાને બંધનમાં રાખીને જીવવા ઈચ્છે છે અને પછી સર્જાય છે સંઘર્ષ...

પ્રેમ અને લગ્ન, આ બંને ખુબ જ અલગ અલગ સ્થિતિ છે. આ બંને સ્થિતિમાંથી ભાગ્યે જ કોઈ વ્યક્તિ સાંગોપાંગ પસાર થઈ શકે છે. પરિસ્થિતિ પ્રમાણે પ્રેમના સ્વરૂપને બદલતા પણ આવડવું જોઈએ. કેમકે પ્રેમ બંધનમાં નહીં મુક્તિમાં છે અને આપણે આપણા પ્રિય પાત્રને આપણા સંબંધોમાં, વિચારોમાં, આદર્શોમાં બાંધીને રાખીએ છીએ. જ્યારે આ બધા ભાવથી પ્રેમ મુક્ત છે. કેમકે પ્રેમ એ ફૂલોની સુગંધ જેવો છે અને આપણે ફૂલને તિજોરીમાં પૂરી શકીએ પણ એની સુગંધને નહી.

આજની આધુનિક ફેસબૂકની દુનિયામાં સાચા પ્રેમનું સ્વરૂપ વિલન થઈ રહ્યું છે. પ્રેમની ભાવના-સંવેદના ખતમ થઈ રહી છે. બધે જ બાહ્ય આકર્ષણ-આડંબર, દંભ, જરૂરિયાત, સ્વાર્થ અને બનાવટ જ જોવા મળે છે. પ્રેમનો પહેલો મંત્ર 'વિશ્વાસ' છે. એકબીજા પરની અડગશ્રદ્ધા છે જો એકવખત આ વિશ્વાસ ઊઠી ગયો, શ્રદ્ધા ડગી ગઈ તો સમજવું કે પ્રેમનો અંત આવી ગયો. એક વખત મોટી ઈમારત ધરાશાયી થયા પછી એ ફરીથી નવી બની શકે છે પરંતુ એકવખત વિશ્વાસ કે શ્રદ્ધાની ઈમારત ધરાશાયી થઈ તો એ ફરીથી ઊભી થવી અશક્ય છે. વળી પ્રેમ માન-સન્માન આપે છે. એના બદલે જો અપમાન મળશે તો પણ પ્રેમની પૂર્ણાહૂતિ છે. પરંતુ આજે પ્રેમ શબ્દને સાવ નાનો-સ્થૂળ અને અર્થ વિનાનો કરી નાખ્યો છે. પ્રેમ એ તો વહેતા ઝરણા જેવો છે આપણે એમાં આપણા મનનો સ્વાર્થી મેલ નાખીને એને દૂષિત કરી નાખ્યો છે. પ્રેમ શુદ્ધ પવિત્ર ગંગાજળ જેવો છે. પરંતુ આપણે એમાં આપણા વિચારોના અસ્થિ પધરાવીને એને અપવિત્ર બનાવીએ છીએ.

મિત્રો, આ પ્રેમને સમજવો કેમ ? સાચા પ્રેમને ઓળખવો કેમ ? પામવો કેમ? આવા પ્રશ્નો ઉદ્ભવે...! મારી દૃષ્ટિએ જો વ્યક્તિને રાત્રે આકાશના તારા જોવાનું ગમે, રાતનો અંધાર પીવાનું ગમે, પર્વતો, ખેતરો, જંગલો જોવાથી આનંદ થાય, નદી અને સમુદ્ર જોઈને રોમાંચ થાય, ફૂલો અને વૃક્ષો જોઈને મન પ્રફુલ્લિત બને, પશુ-પક્ષીઓની ભાષા સમજી શકે... એવા લોકો પ્રેમનોઅર્થ સમજી શકે છે કેમ કે પ્રેમ એ પ્રકૃતિનું એક તત્વ છે. પ્રકૃતિ વિના પ્રેમ અસંભવ જ નહી અશક્ય છે.

આપણા ઘરમાં આવનાર સાવ નાના બિલાડીના બચ્ચાને આપણે લાકડી મારીને કાઢી મૂકીએ અને આપણા નાના બાળકને પ્રેમથી દૂધ પીવડાવીએ...! એ શું કહેવાય? પ્રેમ માત્ર પ્રેમ જ નહી... એમાં કારૂણ્યભાવ પણ હોવો જોઈએ. આપણી સંવેદના માત્ર આપણા બાળક પ્રત્યે હોય પણ અન્યથા આપણે લાગણીશૂન્ય..! એ કેવું કહેવાય? આપણે પ્રેમલગ્ન કરીને પત્નીને, બાળકોને પ્રેમથી રાખતા હોઈએ, પત્નીની-બાળકોની બધી જ ઈચ્છાઓ પૂર્ણ કરતા હોઈએ પણ આપણા માતા-પિતાને તિરસ્કારતા હોઈએ, વાતેવાતે અપમાનીત કરતા હોઈએ તો આપણો પ્રેમ-સંવેદના બધુ વ્યર્થ છે. એક હાથે દાન કરવું અને બીજા હાથે ચોરી.. એવું આપણે કરીએ છીએ. સાચા પ્રેમમાં ક્યાંય 'હું' નથી આવતો. એમાંથી 'આઈ' કેપિટલની આપોઆપ બાદબાકી થવી જોઈએ. પ્રેમ હંમેશાં 'તું'માં માને છે. પ્રેમમાં 'યુ' 'you'નું મહત્વ છે. 'આઈ'નું હરગિઝ નહીં.

આપણા સંસ્કૃત સાહિત્યથી શરૂ કરીને અત્યારના ઈન્ટરનેટ સાહિત્ય સુધીના યુગમાં તમામ સાહિત્યકારોએ પ્રેમ વિશે અનહદ-વિપુલ પ્રમાણમાં લખ્યું છે. એટલે જ આપણને ઘણી વખત પ્રેમનું અતિજ્ઞાન થઈ જાય છે. પરંતુ પ્રેમમાં જ્ઞાનની જરૂર નથી સમજની જરૂર છે. ત્યાગ-સમર્પણની જરૂર છે. આ દૃષ્ટિએ રાધા કરતા મીરાંનો પ્રેમ વિશેષ છે. કેમકે રાધાએ કૃષ્ણ માટે ક્યારેય ગોકુળ-વૃંદાવન નથી મૂક્યું. જ્યારે મીરાંએ આખો રાજપાટ-વૈભવ અને સંસાર બધું જ મૂકીને કૃષ્ણને પ્રેમ કર્યો છે. મીરાં કૃષ્ણને પામવા ગોકુળ-વૃંદાવન-મથુરા અને છેક દ્વારિકા સુધી ગઈ છે. આ દૈવત્વપ્રેમ કહેવાય છે. આપણો આજનો પ્રેમ તો દૈહિક, માનવોચિત્ત, સ્વાર્થ, દંભ અને બનાવટથી ભરેલો પ્રેમ છે. આપણે પ્રેમની સમજને સીમિત બનાવી દીધી છે. પ્રેમને સંબંધોનું નામ આપીને આપણે એને એક ચોક્કસ ભાવવિસ્તારમાં બાંધી દીધો છે. જ્યારે પ્રેમ એ આખા વિશ્વ માટે છે. પ્રકૃતિના કણ-કણ માટે છે. માણસ પ્રકૃતિને પણ પ્રેમ કરી શકે છે, બાળકની કાલી-ઘેલી ભાષાને, એની હથેળીને, કોઈની બે આંખોને, કોઈના વિચારને, સ્વભાવને, સંસ્કારને, સત્યને, સંબંધને, વૃક્ષોના પર્ણોને, પર્વતોને, ચકલીને, કોયલના - મોરના ટહુકાને, મોરપીંછને, સૂર્યના કોમળ કિરણોને, શબ્દ-સંગીત અને સૂરને, એકાંતને, અંધારને, વહેતા ઝરણાને, વરસતા વરસાદને, કુતરાં-બિલાડીના બચ્ચાને.. માણસ કોઈને પણ પ્રેમ કરી શકે છે. પ્રેમનું ગણિત-અગણિત છે. એની સમજ સાવ સાદી છે તમે જેને ચાહો છો પ્રેમ કરો છો એને તમારું બધું જ સર્વસ્વ આપી દો અને જો સામે એ પણ આપણને પ્રેમ કરતી હશે તો આપ્યું હશે એનાથી ડબલ મળશે. પણ ડબલ મળવાની ભાવના સાથે આપશો તો બધું જ ગુમાવવું પડશે. પ્રેમ એ માત્ર માનસિક ભાવપૂજા છે. એમાં સ્પર્શથી વિશેષ સંવેદનાનું અને અનુભૂતિનું મહત્વ છે. પ્રેમ એ હૃદયની પરિભાષા છે. એ શબ્દસ્થ નહી ભાવસ્થ છે. ચિરંજીવ છે એમાં વધઘટ નથી, પ્રકૃતિ, બ્રહ્માંડ, આખી આકાશગંગા એનો વ્યાપ છે અને તેથી જ આ પ્રેમની સાચી અનુભૂતિ માણસને દેવત્વના ભાવ સુધી ખેંચી જાય છે. હે દોસ્તો, શું તમે કોઈને કદી સાચો પ્રેમ કર્યો છે ??

# ડોકટર સાહેબ આવ્યા અને બેઠેલાં બધાં જ પેશન્ટની સામે જોઇ મારી પાસે આવ્યા અને પહેલાં મને તેની ચેમ્બરમાં લઇ ગયા

## હાથના કર્યા હૈયે વાગે

- નિરંજન ઓઝા

ભાવનગર જીલ્લાના શિહોર તાલુકાના વાગડીયા ગામે નંદનગોપાલ હાઇસ્કૂલ આવેલ છે. જીલ્લામાં સ્કૂલની ગણના સારામાં સારી સ્કૂલ તરીકે થાય છે. કારણ કે સ્કૂલને સારો બગીચો, મેદાન તથા વિશાળ મેદાન છે. જેનું સંચાલન સ્કૂલના વિદ્યાર્થીઓ તેમજ શિક્ષકોની દેખરેખ નીચે થાય છે. સ્કૂલનું પરિણામ પણ જીલ્લામાં સારું આવે છે. આવી સ્કૂલમાંથી શિક્ષક તરીકે રેવાશંકર બે વર્ષ પહેલાં તથા પ્રેમશંકર એક વર્ષ પહેલાં નિવૃત્ત થયા છે. બંને ખાસ મિત્રો છે તેમજ અવારનવાર મળતાં રહે છે. નિવૃત્તિના થોડા સમય પછી રેવાશંકર માસ્ટરની તબીયત બગડે છે, તેમને પેઢુમાં દુખાવાને લીધે રાત્રે સુઇ પણ શકતા નથી. શરૂઆતમાં ઘરગથ્થું ઉપચારો શરૂ કર્યા પણ આરામ ન થતાં, ભાવનગર મુકામે આવેલ સરકારી દવાખાનાની દવા શરૂ કરી પરંતુ તેનાથી પણ ફેર ન પડતાં, આજકાલ રામભરોસે જીવન પસાર કરી રહ્યા છે.

રેવાશંકરની બિમારીના સમાચાર તેના મિત્ર પ્રેમશંકરને મળતાં, ખબર કાઢવા મિત્રોને ત્યાં આવે છે. ત્યારે રેવાશંકરની તબીયત જોઇ, ઘણાં જ દુ:ખી થાય છે. બિમારી અંગે પુછતાં રેવાશંકર જણાવે છે કે શરૂઆતમાં પેટનો દુખાવો થતાં, ઘરના ઉપચારો કર્યા પરંતુ તેનાથી ફેર ન પડતાં, ભાવનગરની સરકારી દવાખાનાની ટ્રીટમેન્ટ શરૂ કરી, મિત્ર પ્રેમશંકર તું જાણે છે કે જયાં મફત મળતું હોય તો લોકોનો ધસારો ખૂબ જ હોય છે. આમ દવાખાનામાં ખૂબ જ ગરદી રહેતી હતી. વળી જે ડોકટરને મે દેખાડ્યું તેણે કહ્યું કે દર્દ ખૂબ વધી ગયું છે તેથી દવાથી ફેર નહીં પડે, તમારે ઓપરેશન જ કરાવવું પડશે પરંતુ મને દવાખાનાને બદલે મેળાવડો હોય તેવું વાતાવરણ લાગ્યું. વિશેષમાં અમુક લોકોનું કહેવું હતું કે ડોકટરને જશ નથી. તેમને કરેલ દસ ઓપરેશનમાંથી એક જ દર્દી હેમખેમ ઘરે પહોંચે છે. જયારે નવ દર્દી સ્વધામ પહોંચે છે. આથી ડોકટર સાહેબને થોડા દિવસ પછી આવીશ એમ કહી હાલ ઓપરેશન કરાવવનું મુલત્વી રાખ્યું છે. ગામમાં ખાનગી ડોકટર છે. પરંતુ તેની ફી મને પોસાય તેમ નથી, આમ હાલમાં આવી રીતે ચલાવી લઉં છું.

આ સાંભળી, પ્રેમશંકર કહે છે કે - કયાં સુધી આવું સહન કરતો રહીશ. પોતાની જાત કરતાં તને પૈસો વ્હાલો છે કે શું? મારું માન તો હવે જલ્દીથી ખાનગી ડોકટરની દવા શરૂ કરી દે. તને મારો દાખલો આપું છું કે મને વચ્ચે સખ્ત શરદી ઉધરસ તેમજ કફ થઇ ગયો હતો. ઘરના બધાની સલાહ હતી કે ખાનગી ડોકટરની દવા શરૂ કરવી તેથી ખાનગી ડોકટરને દેખાડવા ગયો. ડોકટર સાહેબ તેના દવાખાનામાં આવે તે પહેલાં રૂમમાં ઘણાં જ પેશન્ટ બેઠાં હતા તેની સાથે હું બેસી ગયો. ડોકટર સાહેબ આવ્યા અને બેઠેલાં બધાં જ પેશન્ટની સામે જોઇ મારી પાસે આવ્યા અને પહેલાં મને તેની ચેમ્બરમાં લઇ ગયા. મને તપાસી કહ્યું કે પાંચ દિવસની દવા લેવી પડશે અને જરૂરથી સારું થઇ જશે. મેં ડોકટર સાહેબે કહ્યા પ્રમાણે દવા શરૂ કરી અને આરામ થઇ ગયો. ડોકટર સાહેબને ફી માટે પુછતાં જણાવ્યું કે તમે મને ઓળખતાં નથી પરંતુ તમને હું ઓળખી ગયો છું. હું તમારી કલાશનો તોફાની વિદ્યાર્થી અનુપમ પંડ્યા છું મને બરોબર યાદ છે કે હું વર્ગમાં હંમેશા પહેલો કે બીજો નંબર જ મેળવતો હતો. તેથી તમને મારા માટે ઘણું જ માન હતું. વર્ગમાં મારી મુશ્કેલી હોય તો તેની સરળ ભાષામાં સમજણ આપતાં. કોઇ કોઇ વખત તો રીસેશમાં પણ મેં તમને ડિસ્ટર્બ કર્યા હતા. તમારાં ઘરે આવતો ત્યારે પણ બહુ જ શાંતિથી, સરળ ભાષામાં સમજાવતાં જેના પ્રતાપે આજે હું આ જગ્યાએ છું. સાહેબ આપનાં આશીર્વાદ જ મારે મન આપને ફી છે માટે મારું માન તો રેવાશંકર, આપણા આ વિદ્યાર્થી પાસે સત્વરે પહોંચી જાય અને દવા શરૂ કરી દે. તે બહુ જ સારા સ્વભાવના છે.

આ સાંભળી રેવાશંકર પોતાની સાથે આવવા પ્રેમશંકરને કહે છે. પરંતુ પ્રેમશંકર જણાવે છે કે હું આવું તો કદાચ શરમને લીધે તારી પાસેથી પણ ફી ન લે તેથી મારું આવવું યોગ્ય નથી તું જઇશ તો તને પણ ઓળખી જશે.

હવે રેવાશંકર ખાનગી ડોકટર સાહેબના દવાખાને પહોંચે છે. બધા પેશન્ટની સાથે બેસી જાય છે. ડોકટર સાહેબનો આવવાનો સમય થાય છે અને આવતાની સાથે જ બધા પેશન્ટને જોઇ પોતાની ચેમ્બરમાં જતા રહે છે. રેવશંકરને નવાઇ લાગે છે કે પ્રેમશંકરે કહ્યા પ્રમાણે ડોકટર સાહેબે તેમને કેમ જોયા નહિં? દોઢ કલાક જેટલાં સમય પછી રેવાશંકરનો વારો આવે છે. ડોકટર સાહેબે તપાસ્યા પછી કહ્યું કે દર્દ ખૂબ જ વધી ગયું છે જો તત્કાલીન ઓપરેશન કરાવવામાં નહિ આવે તો વાલ્વ ફાટશે અને તેમાંથી નીકળેલું પરૂ કદાચ ઘાતક બને, માટે મારે વિચારીને મને જણાવજો. આ સાંભલી રેવાશંકર પુછે છે કે ઓપરેશનનો કેટલો ખર્ચ થશે? આ સાંભલી ડોકટર સાહેબે કહ્યું કે ઓપરેશનનો ખર્ચ રૂા. ૧૦ હજાર, એન્થેશિયા ડોકટરના રૂા. ૫ હજાર, અહીં ત્રણેક દિવસના રહેવાના, દવા વિગેરેના રૂા. ૧૦ હજાર. આમ કુલ ખર્ચ રૂા. ૨૦ થી ૨૫ હજારનો થશે. આ સાંભળી રેવાશંકર ડોકટર સાહેબ સામે જોઇને કહે છે કે મને ઓળખ્યો કે નહિં? હું આપણી શાળાનો શિક્ષક રેવાશંકર છું. પ્રત્યુત્તરમાં ડોકટર સાહેબ થોડાક અટકીને કહે છે કે મેં તમને બેઠેલાં જોઇને જ ઓળખી કાઢ્યાં હતા કે તમે મારી શાળાના શિક્ષક છો. પરંતુ તમે મને ઓળખી શક્યા નહિ. તમારા વર્ગમાં મને જયારે સમજણ ન પડે ત્યારે સવાલ પુછતો ત્યારે તમે મારી ઉપર ગુસ્સે થતાં અને એક બે વાર તો કલાસની બહાર ઊભા રહેવાની શિક્ષા કરી હતી. વળી એક દિવસ મારે ત્યાં મહેમાન આવ્યા હતા. તેથી કલાસમાં આવતાં મોડું થયું હતું. ત્યારે મને પાછળી બેન્ચ ઉપર એક કલાક સુધી ઊભા રહેવાની શિક્ષા કરી હતી, માસ્ટર સાહેબ તમારો ગુસ્સો અને મને કરેલ શિક્ષા એ બધુ કેમ ભુલાય? તમારાં અને પ્રેમશંકર માસ્ટરના સ્વભાવમાં આસમાન-જમીનનો ફેર હતો જેને લીધે મેં તમને ટ્રીટમેન્ટની ફી લીધી ન હતી. આ સાંભળી રેવાશંકર પસ્તાવા સાથે પાછા ફરે છે.

ઉપરોક્ત હકીકતથી જણાશે કે જીવનમાં કરેલ સારા-નરશા કામનો યોગ્ય બદલો હંમેશા મળી રહે છે.

# પ્રકૃતિ-પર્યાવરણ આપણી ચેતનાનું કારણ અને માધ્યમ છે... એને સાચવીએ... અને ઓળખીએ...

## પર્યાવરણ : ચેતનાની એકાત્મ દૃષ્ટિ

- હર્ષદ પ્ર. શાહ

(ગતાંકથી આગળ...)

કવિશ્રી કૃષ્ણ દેવનું પ્રકૃતિ-કાવ્ય માણવા જેવું છે -

મારી પાસે ઢગલો રેતી
તારી પાસે ખોબો જળ
ચાલને રમીએ પળ બે પળ!
હું રહેવાસી પથ્થરનો
ને તારું સરનામું ઝાકળ
ચાલને રમીએ પળ બે પળ!
રમતાં પહેલાં ચાલ તને હું
આપી દઉં થોડી સમજણ
રમતાં રમતાં ભૂલી જવાનું
દેશ વેશ સરનામું પણ!
બુંદબુંદમાં ભળી જવાનું
વહી જવાનું ખળ ખળ ખળ
ચાલને રમીએ પણ બે પળ!

પ્રકૃતિને માનવને માટે મોકલા મને સૌંદર્ય લૂંટાવ્યું છે. ટાગોર તો ત્યાં સુધી કહે છે કે, ''મને પૃથ્વીના કણકણમાં ભર્યું ભર્યું સૌંદર્ય નિરખતું જણાય છે. કેટલીક વાર તો લાગે છે કે એ સૌંદર્યનું આકંઠ પાન કરવા માટે ઈશ્વરે આપેલી પાંચ ઈન્દ્રિયો પણ ઓછી પડે.''

ગુજરાતી સાહિત્ય પરિષદનું પચીસમું અધિવેશન જૂનાગઢમાં ગિરનારની તળેટીમાં યોજાયું હતું. ઉમાશંકર જોશી પ્રમુખ તરીકે નિવૃત્ત થઈ રહ્યા હતા. નવા વરાયેલા પ્રમુખ સુંદરમ્‌ને કાર્યભાર સોંપવાની ઘોષણા કરતાં ઉમાશંકર બોલ્યા, ''આ પ્રાચીન જયેષ્ઠ બંધુ સુંદરમ્‌ને...'' ... અને એ જ વખતે ગિરનારની વૃક્ષઘટામાંથી એક પંખીનો ટહુકો સંભળાયો... અને તે ટહુકાને પોતાની વાણીમાં કલાત્મક રીતે વણી લેતાં કવિ ઉમાશંકરજીએ વત્સલ વેણ ઉચ્ચાર્યા, ''જોયું ગિરનારની ઘટામાંથી ભારદ્વાજ પંખીએ ટહુકો કર્યો. પ્રકૃતિમૈયા પણ ઈચ્છે છે કે સુંદરમ્ પ્રમુખ બને.''

પ્રકૃતિ આપણી સાથે અભિન્નપણે વણાયેલી છે. એની સાથે હસીને ત્યાં એ પણ હાસ્ય વેરે છે અને એની સંગ ગાઈએ ત્યારે એ પણ ઝૂમી ઊઠે છે. એનાં ચિત્રો ચિત્તને શાંતા આપે છે, એનાં ગીતો આપણા મનને ઝંકૃત કરે છે અને કવિ - લેખક હૃદય જયારે મન મૂકીને પ્રકૃતિને વાતો કરે ત્યારે હૈયું હેતથી ઊભરાઈ જાય છે.

પ્રા. ધીરેન્દ્ર રેલિયાએ એમનાં એક પુસ્તક 'આદર્શ વક્તાનું ઉપનિષદ'માં બહુ સરસ લખ્યું છે -

''મુંબઈના હેગિંગ ગાર્ડનમાં વહેલી સવારે પ્રકૃતિપ્રેમી લોકો ફરવા જાય છે. તેમાંથી તેમને એક ગાર્ડન કલબ સ્થાપી છે. પ્રતિવર્ષ તેઓ ફૂલડાં ખીલવનાર માળીઓનું સન્માન કરે છે. તે કલબના માનદ મંત્રી મધુકાન્તભાઈ ઠક્કર એક પ્રસંગે મને લઈ ગયા. સવારે છ વાગ્યે મારા હાથમાં માઈક આપીને બોલવા માટે વિનંતી કરી. મંચ પર મારી સાથે વિજય મર્ચન્ટ અને તે વખતના મ્યુનિ. કમિશનર તિનઈકર પણ હતા. સામે હતા પ્રકૃતિપ્રેમી શ્રોતાજનો. તે પ્રસંગે મારું ઉપાદાન બની રહી. મેં કહ્યું, 'મેં કહ્યું, 'વૃક્ષોની આ પાર્લામેન્ટમાં... વિશાળ વગરના ગોખની હેઠળ... મહેકતી મચલતી હવાના માંડવડા નીચે મંદ મંદ વાયુ વીંઝણો નાખે છે ત્યારે હરિયાળા ઘાસની આ જાજમ બિછાવી છે... ચંદ્ર ધીમે ધીમે ડૂબી રહ્યો છે... ભુવન-ભાસ્કર સૂર્ય મહારાજ પૂર્વ દિશાએ ઉગવા માટે તત્પર થયા છે ત્યારે હું કોઈ પ્રવચન કરવા નહીં, પરંતુ પ્રકૃતિપ્રેમી સૌ મિત્રોને પ્રેમપૂર્વક પ્રણામ કરવા આવ્યો છું.''

પ્રકૃતિનાં તત્ત્વો - ઉગતો અને આથમતો સૂરજ, કળા કરતો ચંદ્ર, ઝગમગતા તારલા, ખળખળ વહેતા ઝરણાં, સાગરને મળવા ધસમસતી દોડી જતી નદી, સમુદ્રનાં ઊછળતા મોજા, ગગનચુંબી પર્વતોનાં ધવલ - શ્યામ શૈલશૃંગો અને સૂર્યનું કિરણ પણ પ્રવેશી ન શકે તેવા ઘનઘોર અડાબીડ જંગલો - આ બધાં તો કવિ - લેખકોની ઊર્મિને પ્રવાહિત કરનાર આધાર બન્યા છે.

કાવ્યવિશ્વમાં પ્રવેશેલા નવોદિત કવિ અભિષેક દેસાઈનાં ઊર્મિ - સ્પંદનની ઝલક જુઓ -

''કુદરતે જાણે હરખની વેર્યાં આંસુ સમા ઝાકળ,
સૂર્યપ્રકાશે એ મોતી ચમક્યાં સકળ!''

ખેર! આપણે પ્રકૃતિની સાહિત્યમાં વ્યાપેલી ચેતનાની બહુ વાતો કરી. પણ આપને, નાના-મોટા સૌ પ્રકૃતિ પર્યાવરણની કોરી વાતો કરવાને બદલે પ્રકૃતિના જતન અને સંવર્ધન માટે આટલું કરી શકીએ?

- વિદ્યુત... વીજળી... નામની ઊર્જાનો સંયમિત ઉપયોગ કરીએ. લાઈટ-પંખા-કૂલર-એસી જરૂર જેટલાં જ વાપરીએ. વીજળી ઉત્પન્ન કરવા માટે પણ પાણી, કોલસો જેવાં કુદરતી સંસાધનો ભરપૂર માત્રામાં વાપરવાં પડે છે.
- કાગળનો ઉપયોગ પણ કરકસરપૂર્વક કરીએ. એક બાજુ કોરા કાગળનો ઉપયોગ પણ કંઈક લખવા માટે કરી લઈએ. એવું સાંભળ્યું છે કે () લાઈનો એક કાગળ બનાવવામાં ૧૦૦૦૦ લિટર પાણી વાપરવું પડે છે! કેટલાય વૃક્ષોને પોતાનું બલિદાન દેવું પડે છે.
- પ્યાલામાં જરૂર જેટલું જ પીવાનું પાણી લેવું જેથી ઢોળી ન દેવું પડે. પાણીનું ટીપેટીપું કિંમતી છે. જળ એ જ જીવન છે.
- પોતાના જનમદિવસે પ્રત્યેક મનુષ્યએ વૃક્ષ જો વાવે તો પ્રકૃતિ પ્રસન્ન રહે અને સંભવ છે કયારેક દુકાળ ન પડેજ!
- અન્નના એક પણ દાણાનો બગાડ ન કરીએ. કયારેક થાળીમાં એઠું ન મૂકીએ. અન્ન એ બ્રહ્મ છે, દેવ છે, જીવનસત્ત્વ છે. એને કદી ગટરમાં પધરાવવાનું પાપ ન કરશો. અન્નનો પ્રત્યેક દાણો ખેડૂતના પરસેવાનો સાક્ષી છે.
- પેટ્રોલ-ડીઝલ જેવા પદાર્થો વાતાવરણને પ્રદૂષિત કરે છે. એનો અત્યંત સંયમિત-નિયંત્રિત ઉપયોગ કરવો ઘટે. અનિવાર્યતાએ જ વાહનોનો ઉપયોગ કરવો જોઈએ. સાઈકલ ચલાવવાનો સ્વીકાર જો થાય તો તન પણ સ્વસ્થ અને પ્રકૃતિ પણ પ્રસન્ન!
- મોજ-શોખ-સુંદરતા માટે વપરાતાં સૌંદર્ય પ્રસાધનો પણ સજીવ સૃષ્ટિનો અને પ્રકૃતિનો ભયંકર હ્રાસ કરે છે. શું આપણી ઉપભોગતાની માત્રા ઘટાડી ન શકીએ?

આવું તો બીજું ઘણું થઈ શકે... વિચારીએ. પ્રકૃતિ-પર્યાવરણ આપણી ચેતનાનું કારણ અને માધ્યમ છે... એને સાચવીએ... અને ઓળખીએ...

એની સાથે રહીએ...
એનો સંગ માણીએ...
એના રંગની જીવનને રંગીન બનાવીએ...
એની મહેફિલમાં ભળીને એનાં ગીતો ગાઈએ.... અને.... એમ કરીને ઈશ્વરના અદ્વિતીય સર્જનનું હૃદયપૂર્વક સન્માન કરીએ.